# ઉત્તર ગુજરાતના પરમાર રાજપૂત ઐતિહાસિક અને સાંસ્કૃતિક પરિપેક્ષમાં એક અધ્યયન

મયુરસિંહ રણજીતસિંહ અડીઓલ

આસી. પ્રોફેસર (ઈતિહાસ વિભાગ)

એમ.એન. કોલેજ, વિસનગર

- **ભૂમિકા**

ઉત્તર ગુજરાતના પરમાર રાજપૂતોની ઐતિહાસિક વિગતો વિશે વાત કરીએ ત્યારે ક્ષત્રિયોનું આધિપત્ય, રાજપૂતોની ઉત્પત્તિ અને છત્રીસ શાખાના વૃતાંતની બાબતો વિશે આપણને જ્ઞાન હોવું જોઈએ. એ વિશેની કેટલીક વિગતો હું દર્શાવવા માંગુ છું.

ખાસ કરીને રાજપૂતોના કુળની અસ્મિતા અમેની કુળ શાળાઓ – ગોત્ર, પેટા શાખાઓ, અને વંશોની વિગતોને આ પ્રકરણમાં આલેખવા વિનમ્રભાવે પ્રયત્ન કરીશ.

ઉત્તર ગુજરાતનો ભાગ, (अबुदारण्य) જેનો પુર્વકાળમાં ગુજરાતની સાથે કચ્છ કાઠીયાવાડના કરતા પણ વધુ હતો. આ સમગ્ર પ્રદેશ પ્રાચીનકાળથી હિંદુ અને જૈનધર્મનું પવિત્ર સ્થાન ગણાય છે. આ આબુરાજ પરમાર રજપૂતોની ઉત્પત્તિની જગ્યા ગણાય છે. આ પવિત્ર ભૂમિ વિશે ઋષીઓ અને શાસ્ત્રકારોએ તેમજ વર્તમાન જમાનાના વિદ્વાનોએ ઘણું ઘણું સાહિત્ય આપ્યું છે. તે વિશે સંક્ષિપ્તમાં કહેવા માંગુ છું.

'પૂર્વકાળથી પૃથ્વી પરમારા તણી' તેવી ઉક્તિ પ્રચલિત છે. આ ઉક્તિ પરમાર રજપૂતોનું ગૌરવ દર્શાવે છે. વિક્રમ સંવતની આશરે ૧૩ મી સદી કે તેથી થોડા સમય પહેલા રજપૂતો ભિન્ન-

ભિન્ન શાખાઓ મૂલક પ્રમાણે જુદા-જુદા નાના રજવાડાઓ વિભાજીત જણાય છે. તે સમયમાં અર્બુદ ભૂમિ પરમાર રાજકર્તાઓ પાસ હતી અને એનો વિસ્તાર આશરે ૩૫૦૦ ચોરસ માઈલ જેટલો હતો. તે સમયના રાજકર્તાઓના વંશજોની પુરેપુરી વિગતો ના અભાવે તે પ્રદેશની ઐતિહાસિક વિગતોની નોંધમાં મુશ્કેલી છે. જુદા-જુદા સ્થળોના શિલાલેખો પુરાતન જગાઓ, એ પ્રદેશની મુળપ્રજાએ પ્રજામાં કેટલીક દંતકથાઓ ભાટ-ચારણો દ્વારા થતી. જાણીતી કવિતાઓ, વાર્તાઓ, કુળાચાના ચોપડા ધર્મ ગુરૂઓ પાસે સંગ્રહાયેલી હસ્તલેખિત સામગ્રી, તામ્રપત્રને મળતી તકતીઓ વગેરે દ્વારા આસામગ્રી એકઠી કરવાનો અહીં પ્રયત્ન કરીશ. દેખીતી રીતે જ આ કાર્ય ઘણું કપરૂ છે.

ઉત્તર ગુજરાતના પરમાર રજપૂતોની વંશાવલી વિશે જાણવા જઈએ તો તેમના મૂળ પૃથ્વીપતિ ઉર્ફે ધુમરાયમાં મળે છે. જે આબુથી ઉત્પન્ન થયેલા તેમના વંશજો હાલ ભારતભરમાં અને પાકિસ્તાનમાં પણ છે. તેમની કેટલી પેઢી એટલે વિક્રમ સંવત -૭૩૧ માં રોજભોજ થયા. આ દાનેશ્વરી રાજાને ચાર કુવારો હતા. ભાદ્રસિંહજી, ધારસિંહજી, કનકદેવજી અને હરજણસિંહજી. નાના કુંવર હરજણસિંહજીને નિર્વંશ ગયેલ છે. આથી ત્રણ કુંવરોના વંશજો ગુજરાતમાં છે. જેમકે ભદ્રસિંહ ઉજ્જૈનની ગાદીએ બિરાજમાન થયા ત્યારથી તેમના વંશજો ગુજરાતમાં સંતરામપુર, દેવાલા, સુંથ અને કડાણામાં છે. બીજા કુંવર ધારસિંહજીએ ધારાનગરીમાં બિરાજમાન  થયા. તેમના વંશજો ગુજરાતમાં ધારગઢ, રાજગઢ, નરસિંહજીગઢ, મુળી, મુંજપુર અને થરપાકરમાં છે. જ્યારે ત્રીજા કુંવર કાનડદેવજી આબુની તળેટી ચંદ્રાવતી નગરીમાં ગાડી સ્થાપી તેમના વંશજો ઉત્તર ગુજરાતમાં દાંતા (બનાસકાંઠા), સુદાસણા (મહેસાણા), મોહનપુર, રૂપાલ, રણાસણ, વડાગામ અને ગોરવાડ (સાબરકાંઠા) માં છે. અને તેમની ઐતિહાસિક આ પ્રકરણમાં દર્શાવવા માંગુ છું

**ભૌગોલીક પરિસ્થિતિ :-**

**ઉત્તર ગુજરાતનો વિસ્તાર અને પરમાર રજપૂતોની વસ્તી :-**

ઉત્તર ગુજરાતનો વિસ્તાર સાડા ચાર જિલ્લાઓમાં વહેંચાયેલો છે. જેમાં બનાસકાંઠા, સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને ગાંધીનગર અડધા ભાગનો જિલ્લો ઉત્તર ગુજરાતમાં જોડાયેલા છે. આં પર્વતમાળાની ટેકરીઓ 'જેસોર' ની ટેકરીઓ પણ કહેવાય છે. મહીકાંઠા એજન્સી માં નાની મારવાડના નામના ઇલાકા માં આવેલા દેશી રજવાડાઓમાં ઉતરે દાંતા (અંબાજી) પૂર્વ માં ગઢવાળા દક્ષિણ માં ગાયકવાડ નો કડી પ્રાંત સુદાસણા અને પશ્ચિમ માં પાલનપુર આવેલું છે ઈતિહાસ માં સ્થળ વિષયક સંશોધન માં જે તે સ્થળ ની ભૌગોલિક પરીસ્થિતિ વિશેની ટૂંકી માહિતી અપાય છે. ઉત્તર ગુજરાતનું સ્થાન વિસ્તાર વસ્તી ઋતુઓ ખનીજો જમીનના પ્રકારો સીમાઓ પ્રાકૃતિક સંપતિ વગેરેની ટૂંકી માહિતી આપી ઉત્તર ગુજરાતની ભૂગોળે તેના ઘડતરમાં  શી ભૂમિકા ભજવી તે દર્શાવવાનું મારું આયોજન છે કોઈ પણ સમાજના ઘડતરમાં કે જીવનશૈલી કે રાજકીય ઈતિહાસ પાછળ ભૌગોલિક પરિસ્થિતિ ઘણો મોટા ભાગ ભજવતી હોય છે. તે આ પ્રકરણમાં નિરૂપણ કરવાનું આયોજન છે પ્રાચીન સમયમાં 'આનર્ત, સૌરાષ્ટ્ર લાટ' નામથી ઓળખાતો આજે ગુજરાત તરીકે ઓળખાય છે.

**પરમાર રાજપુતનું મૂળ અને ઉત્પત્તિ**

આ પ્રકરણમાં પરમાર રાજપુતોનું મૂળ અને ઉત્પત્તિ વિશેના વિવિધ મત રજુ કરવાનો આશય છે આબુરાજ પરમાર રાજપૂતોને ઉત્પત્તિની જગ્યા જણાય છે પૂર્વ કાળ થી પૃથ્વી પરમારા તણી એવી ઉકીત પ્રચલિત છે પરમારોના પ્રથમ રાજા પૃથ્વીપતિ ઉર્ફે ધુમરાય હતા તેમના વંશજો ગુજરાતમાં સંતરામપુર, દેવાલા, સુંથ અને કડાણામાં છે. ધારનગરીમાં ધારસિંહજી અને તેમના

વંશજો ગુજરાતમાં ધારગઢ, રાજગઢ, નરસિંહગઢ, મુળી, મુંજપુર અને થરપાકરમાં છે.જયારે ત્રીજા કુંવર કાનડદેવજી આબુની તળેટીમાં ચંદ્રાવતીનગરીમાં ગાદી સ્થાપી તેમના વંશજો ઉત્તર ગુજરાતમાં દાંતા (બનાસકાંઠા), સુદાસણા (મહેસાણા), મોહનપુર, રૂપાલ, રણાસણ,વડાગામ, ગોરવાડ,(સાબરકાંઠા)માં છે અને તેમની ઐતિહાસિક ભૂમિ પણ આ પ્રકરણમાં દર્શાવી છે

પ્રાચીનકાળમાં (પરમાર) 'રાજપૂત' શબ્દ પ્રયોગ થતો ન હતો. 'ક્ષત્રીય' શબ્દ પ્રયોગ છે.(હ્યું-એન-ચાંગ ૬૨૬-૬૪૫), ઉપનીષદમાં 'રાજન્ય ' કે 'રાજન' ઈ.સ.૬૦૦-૧૨૦૦ સુધીમાં જૈનગ્રંથોમાં ક્ષત્રિય શબ્દનો ઉપયોગ થયો છે.

**રાજપૂત એટલે રાજ કરે તે.**

રાજપૂતોની છત્રીય રાજવંશ ચાર ગાઢોની વિગત-સુર્યવંશ, ચન્દ્રવંશ, ઋષિવંશ,અગ્નિવંશ જેમાંથી અગ્નિવંશના ચાર કુળોનો પરિચય- સોલંકી(વાઘેલા), પઢીયાર, ચૌહાણ અને પરમાર.

**પરમાર રાજપૂતોની ઉત્પત્તિ :-**

પ્રણાલિકાગત સાધનો દ્વારા જણાય છે કે, આબુ નામના પર્વત ઉપર યજ્ઞકુંડમાંથી ધુમરાય પરમાર પેદા થાય. તેમની મૂર્તિ હાલ અચડેશ્વર મહાદેવ મંદિર પાસે અગ્નિકુંડની પાસે મૌજુદ છે. વશિષ્ટ ઋષિ દ્વારા યજ્ઞ કરવામાં આવ્યો અને મંત્રોચ્ચાર દ્વારા અગ્નિમાંથી ઇન્દ્રે ગંગાજળ છાંટી દેવી પુરૂષ પ્રગટકર્યો આ દૈવી પુરૂષ અગ્નિની જ્વાળાઓમાંથી 'માર-માર' કરતો ઉત્પન્ન થયો પ્રમાર અથવા પરમાર રાજપૂત તેના મૂળ શબ્દો, પરમાર્ક, પરમાર્હત, પરમઆર્ય (જૈન સાહિત્ય) પરમ+આર્ય પરમ+સર્વોતમ, શ્રેષ્ઠ, પવિત્ર, ઉત્તમ એટલે 'પરમાર'.

**પરમાર રજપૂતોની શાખાઓ**

(૧) મોરી (૨) સોઢા (૩) સાંખલા (૪) ખેર (૫) ઉમરા-સુમરા (૬) કાળા (૭) રહેવર (૮) લોદ્રવા (૯) ડોડિયા (૧૦) હુણ (૧૧) ગલહડ (૧૨) વેહીલ (બિહિલ) (૧૩) સાવંત (૧૪) સિંઘલ (૧૫) ચન્ના (૧૬) ભાભા (૧૭) સુકલા (૧૮) સરવડિયા પરમાર (૧૯) બુટા પરમાર (૨૦) ધન્ધ પરમાર (૨૧) કુરડ પરમાર (૨૨) ગૂંગા પરમાર (૨૩) થિરિયા પરમાર (૨૪) જૌખા (૨૫) નલ (૨૬) મદન (૨૭) પોસવા (૨૮) બહલ (૨૯) કાલમાં (૩૦) પંવાર (૩૧) બારડ (૩૨) મહ્યાવાડી (૩૩) વરાહ (૩૪) બિહલ

**પરમાર રાજપૂતોના ગઢો – કુલ ૩૦ (ત્રીસ)**

(૧) અર્બુદ (૨) ઉજ્જન (૩)ધાર (૪) ચંદ્રાવતી (૫) પાટલીપુર (૬) ઢાકા (૭) પારંધર (૮) દીવ (૯) પાલનપુર (૧૦) લોદરવા (૧૧) પુગંલગઢ (૧૨) વિસાલપુર (૧૩) ચિત્તોડ (૧૪) ભીલમાર (૧૫) દોરંગ (૧૬) ચોટીલાગઢ (૧૭) નગરઠક્ષ (૧૮) અનાહીલપુર પાટણ (૧૯) નગરપારકર (૨૦) તરસંગ(હાલ દાંતા) (૨૧) તારંગા (૨૨) જાલંધર (૨૩) અજમેર (૨૪) માંડોશ્વર (૨૫) મહેશ્વર (૨૬) ગાજાણી (૨૭) પુત્રીપુર પાટણ (૨૮) વલભીપુર (૨૯)પંચાસર (૩૦)મોહગઢ

"પેઢી પે'લ પરમાર, પૃથ્વી પરમારાં તણી,

ધાર ઉજેણી ધાર, બીજો અર્બુદ ગઢે બેસણો"

**રાજકીય ઈતિહાસ**

ઉત્તર ગુજરાતનાં રજવાડાં – આઝાદી પૂર્વે

- પરમાર રજવાડા

- ચૌહાણ રજવાડા
- રાઠોડ રજવાડા
- સોલંકી – વાઘેલા રજવાડાં
- વિહોલવાડ જગીરદારોના રજવાડાં
- ચાવડા સ્ટેટ રજવાડાં

દાંતા નામ સાથી પડ્યું ? દાંતોરિયા વીરનું પવિત્ર સ્થાન છે. દાંતા પડ્યું છે એવું મનાય છે. ઈ.સ.૧૫૪૪ માં સદરહું ગામ રાજધાની બનતાં આ રાજ્ય દાતા તરીકે ઓળખાવવા લાગ્યું. દાંતના રાજ્ય પરમાર (પુંવાર) સખના રાજપૂતો હતા. ઉજ્જૈન નગરીના પ્રખ્યાત રાજા પરદુ:ખ ભંજન રાજા વિક્રમ વંશજ (પુંવાર) શાખાના રજપૂતો હતા. ઉજૈન નગરીના પ્રખ્યાત રાજા પરદુ:ખ ભંજન રાજા વિક્રમના વંશજ (પુંવાર) પરમાર શાખાના હતા. 'મહારાણાશ્રી' (His Highness) પદવી ૧૯૪૭ માં એનાયત કરવામાં આવી. આ રાજ્ય ૨૩૦૦ ચો. મી. ક્ષે. હતું. તે વખતની વસ્તી ૧૫૦૦૦ હતી. વાર્ષિક આવક રૂ!. ૫૦,૦૦૦/- હતી. ૧૧ તોપોની સલામી અપાતી. દાંતાને નવકોટડીનું પટગણા હતા. તેમજ નાની જાગીરો, રાજ્યો તથા સુદાસણા, ગંગવા, અભાપુરા, કુંડેલ, અડેરણ, ગંછેરા, મંડાલીમાં દાંતાના દુરના ભાયાતો છે. ભાયાતી રાજ્યો, અસ્થિત્વમાં હતા. આ રાજ્યો તથા જાગીરો દ્વારા વહીવટી તંત, કાયદા, ન્યાય, કરારો, અન્ય રાજ્યો સાથેના સબંધો, ભાયાતી રાજ્યોના સબંધોની વિસ્તૃત ચર્ચા આ પ્રકરણમાં કરવાનું આયોજન છે.

**આર્થિક સ્થિતિ :-**

(૧) ઉત્તર ગુજરાતના પરમાર રાજપૂતો હાલમાં તેઓ આર્થિક રીતે સારા હોય અને પૈસા ટકે પરિસ્થિતિ સારી હોય એવું માનવામાં આવે છે. તેમના માં અમુકની આર્થિક સ્થિતિ નિમ્ન પણ હોય છે.

(૨) પરમાર રજપૂતોની આર્થિક સમૃદ્ધિ શરૂઆત માં ગણી સારી હતી .જયારે શાસક વર્ગ તરીકે તેમનો ઉદભવ થયો ત્યારે બીજા વર્ગ ના સ્થાને હતા.પરંતુ રાજ્યના અસ્ત તેમાં જાગરડારી પ્રથા નાબુદ થતા તેમની આર્થિક સ્થિતિ નબળી બની.આથી તેમના જીવનધોરણ પર પ્રબળ અસર થઈ. આ પ્રકરણમાં પરમાર ના આવક સ્ત્રોત, વ્યવસાયિક વર્ગીકરણ, રાજ્યોની આવક અને ખર્ચના હિસાબો, ખેતી તેમજ જાગીરદાર પ્રથાથી થતી આવકની વિસ્તૃત ચર્ચાનું આયોજન છે.

**સામાજિક સ્થિતિ**

પરમાર રાજપૂત સમયે 'કાળગણતરી' વિક્રમ સંવતમાં પણ થતી હતી. અંતે પરમાર રાજ્યવીર વિક્રમ પરથી વિક્રમ સંવતની શરૂઆત થઈ હતી. વર્ણજ્ઞાતિ ને રાજ્યમાં પણ મહત્વ અપાતું હતું. તેના કેટલાક પેટા પ્રકારો છે. જેવા કે – જીવન ધોરણ, વારસા પ્રથા, ખોરાક, પહેરવેશ, વાહનવ્યવહાર વિગેરે પર રાજસ્થાની જીવનશૈલીની અસર જોવા મળે છે. આ ઉપરાંત પરમારોના લગ્ન અને ખાનપાનના વ્યવહાર, સ્ત્રીઓની સ્થિતિ તથા આ સમાજના કુરિવાજો જેવા કે સતીપ્રથા, દહેજપ્રથા, ચાંદલા પ્રથા વગેરેની વિસ્તૃત ચર્ચા આ પ્રકારમાં રજૂ કરવાની છે.

**સાંસ્કૃતિક સ્થિતિ**

ઉત્તર ગુજરાતના પરમારોનો રાજકીય ઈતિહાસ સતત સંઘર્ષમય રહ્યો છે. તેમના હથિયારો વજ્ર, ખડગ, શ્રુરિકા, તોમર, ત્રિશુલ, સાંગ, તલવાર, કોદાળી, મુદગલ, ધનુષ્ય રહયા છે. ચતુરંગ સૈન્ય રાખવાનો રિવાજ હતો. પણ સમય જતાં રથદળ વિભાગ નાબુદ થયો તેમ છતાં તેમણે શિલ્પ, સ્થાપત્ય, સાહિત્ય, ધર્મક્ષેત્રે પણ પોતાનું આગવું પ્રદાન આપ્યું છે. આ શાસકોના શાસનકાળમાં ગઢવી, કવિઓ, ચારણો વગેરે દ્વારા લોક સાહિત્યની રચના થઈ. આરાસુરી ધામ (અંબાજી), કોટેશ્વર મહાદેવનું પવિત્રધામ કુંભારિયાનું ભોંયરૂ દેલવાડાંના જૈન દેરાસરો સુધી જવાય છે. એવી લોક વાયકા છે. તેની બાજુમાં ઝરીવા, આ સિવાય જિનાલયો, રાજમહેલો, સુરાઓના

પાળીયા, સતીઓની ખાંભી, કૂવ, તળાવો, નિશાળ ઉપરાંત રાજ્યમાં ગવાતા ગામઠી ગીતો, લોક સંગીત, ભવાઈ લોકનૃત્ય તેમજ કલા-કારીગીરીની વિશેષતાઓ રજૂ કરવા માંગું છું.

**ઉપસંહાર :-**

રજપૂતો ઘણા શૂરવીર, લડાયક, નીડર અને ઉદાર હતા. જગતભરની શૂરવીર અને લડાયક જાતિઓમાં રાજપૂતોની ગણતરી થાય છે. તેઓ સ્વમાન, વચનપાલન અને ટેકમાટે મશહૂર હતા. યુદ્ધપ્રિય રજપૂતો પોતાના વંશ, વતન અને વચન માટે સર્વસ્વનો ભોગ આપવા તત્પર રહેતા. રણમેદાનમાંથી ખસી જવું એ હીણપતભર્યું ગણાતું.

રાજપૂતો  શરણે આવેલાનું રક્ષણ કરવાનો પોતાનો ધર્મ સમજતા. તેઓ ગૌ-બ્રાહ્મણ પ્રતિપાળ કહેવાતા. સ્ત્રી-સન્માનની ભાવના ઉંચી હતી. પોતાના કુળનું ભારે અભિમાન હતું. તેઓ ચુસ્ત હિન્દુધર્મી હતા. તેઓ સાહિત્ય અને કલાના આશ્રયદાતા હતા.

રાજપૂતોમાં ખોટું કુળાભિમાન પણ હતું. ભારે એમનામાં કુસંપ હતો. તેમની દુશ્મનાવટ પેઢીદપેઢી ચાલતી, જેમાંથી વિનાશક લડાઈઓ ચાલતી. તેમનો સમય, શક્તિ અને સંપતિ વેડફાઈ જતી. તેઓ પરદેશીઓ સામે કે શત્રુઓ સામે એક થઈને લડી શકાય નહિ. પાછળથી તેઓ આળખું, વિલાસી અને એશારામી બન્યા હતા. ભારતની બહાર થઈ રહેલા ફેરફારો તરફ તેમણે બિલકુલ ધ્યાન આપ્યું નહિ. પાછળથી તેઓ આળસુ, વિલાસી અને એશારામી બન્યા હતા. ભારતની બહાર થઈ રહેલા ફેરફારો તરફ તેમણે બિલકુલ ધ્યાન આપ્યું નહિ. આમ તેમનામાં સંકુચિત પ્રદેશવાદ, મિથ્યાકુળાભિમાન, આંતરિક વેરઝેર તેમજ રાષ્ટ્રભાવનાના અભાવે તેઓ વિદેશી તુર્કો સાથે પ્રતિકાર કરી શક્યા નહિ.

આમ છતાંય મુસ્લિમ આક્રમણોનો તેમણે સબળ પ્રતિકાર કર્યો હતો. રાજકીય એકતાના અભાવના આ યુગમાં રજપૂતોએ હિંદુ સંસ્કૃતિ અને સભ્યતાની જ્યોત જલતી રાખીને નોંધપાત્ર સિદ્ધીઓ મેળવી હતી.

સંસોધનના અભ્યાસમાં પ્રમાણભૂત સાધનો દ્વારા અભયસ કરી નિષ્કર્ષ રૂપે કેટલાક તારણો દર્શાવવા પ્રયત્ન કરીશ. આ વિષયને સાચો ન્યાય આપવા પ્રયત્ન કરીશ. ઇતિહાસની કેટલીક બાબતો તૂટક –તૂટક કે ખૂટતી કળીઓ છે તેને સળંગ સુગ્રથિત બનાવવાનો પ્રયત્ન કરીશ. આ સંશોધનથી લોકોને ઈતિહાસ પ્રત્યેનો અભિગમ બદલાશે. લોકો ઐતિહાસિક સંસોધન કરવા પ્રેરાશે. લોકોને ઈતિહાસ પ્રત્યે ર, રૂચિ જાગશે તેવા પ્રયત્ન કરીશ.

"જ્ઞાન માટેની તૃષા અને સત્ય માટેની ખોજ" એટલે જ સંશોધન આ વાક્યને લોકો સમજતા થાય એજ માત્ર ઉદેશ્ય. રાષ્ટ્ર અને સમાજ માટે ઉપયોગિતા સાબિત થાય તેવા પ્રયત્ન સાથે અભ્યર્થના સહ..............

# -:: સંદર્ભ સૂચી ::-

(૧) ઓઝા ગૌ.હિ.,

રાજાપુતોકા ઈતિહાસ

દ્વિતીય આવૃત્તિ -૧૯૨૭ અને ૧૯૩૨

(૨) ગોહિલ અજીતસિંહ

રાજપૂત વંશસાગર, ભાગ-૧ થી ૩

અવણિયા ૧૯૯૪-૯૮

(૩) ગોહિલ ગંભીરસિંહ

પરમાર વંશ સાગર

(૪) જોષી ઉમાશંકર જે.

"પુરાણોમાં ગુજરાત"

(૫) જોશી ગિરશંકર

"ગુજરાતના ઐતિહાસિક લેખો"

(૬) તોડ કર્નલ

"ટોડ રાજસ્થાન"

સાહિત્ય વર્ધક કાર્યાલય, જયપુર,૧૯૨૪

(૭) દવે કનૈયાલાલ

અંબિકા,કોટેશ્વર,અને કુંભારિયા

(૮) દેસાઈ ગોવિંદભાઈ હાથીભાઈ

“કડી પ્રાંત સર્વ સંગ્રહ”

વડોદરા, ૧૯૨૦-૨૧

(૯) દેસાઈ ગોવિંદભાઈ હાથીભાઈ

‘જમીન જગીરનો ભોમિયો’

શ્રી વલાસણા સ્ટેટ કોર્ટ ફી, સ્ટેમ્પ તથા રજીસ્ટ્રેશન ધારા

છેલશંકર મૂળશંકર જોષી, ૧૯૪૫

(૧૦) “નકશામાં ગુજરાત”

યુનિ.ગ્રંથ.નિર્માણ બોર્ડ,અમદાવાદ

(૧૧) નાયક છોટુભાઈ રણછોડભાઈ

“મધ્યયુગીન ભારત” ખંડ-૧

(૧૨) નીલકંઠ વિનદીબેહેન

“ગુજરાતની અટકોનો ઈતિહાસ”, ૧૯૪૧

(૧૪) પરીખ ર.છો. અને શાસ્ત્રી હરિપ્રસાદ ગં.

“ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ”,

ભાગ - ૧ થી ૯,

(૧૫) ફાર્બસ જેમ્સ

રાસમાળા ભાગ -૧,૨

મુબઈ-૧૯૨૨

(૧૬) રાઉં શ્રીયુત વિશ્વેશ્વરનાથ

રાજા ભોજ (હિન્દીમાં)

હિલાહાબાદ

હિન્દુસ્તાની એકડેમી, યુ.પી. ૧૯૩૨

(૧૭) ભારત રાજ્ય મંગળ ભાગ-૨

(૧૮) શાસ્ત્રી દુ.કે.

"ગુજરાતના ધાર્મિક સ્થળો"

સંપાદક :- મુબઈ

(૧૯) દુર્ગાશંકર કે. શાસ્ત્રી

"ગુજરાતનો મધ્યકાલિન રાજપૂત ઈતિહાસ ભાગ- ૧,૨", ૧૯૫૩

(૨૦) શાસ્ત્રી દુર્ગાશંકર

"પ્રબંધ ચિંતામણી"

લે. આચાર્ય મેરૂતુંગ

મુંબઈ પ્રકાશન

(૨૧) શાસ્ત્રી હરિપ્રસાદ ગંગારામ

"ગુજરાતનો ઈતિહાસ"

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

(૨૨) શાસ્ત્રી હરિપ્રસાદ ગં.

"પ્રાચીન ભારત" ભાગ-૨, ૧૯૭૦

(૨૩) શાહ ભાઈચંદ પૂંજાલાલ

મહીકાંઠા એજન્સીની સરળ ભૂગોળ

(૨૪) સાંકળિયા એચ ડી.

'આર્કિયોલોજી ઓફ ગુજરાત', ૧૯૪૧

(૨૫) મહીકાંઠા ડીરેક્ટરી

(૨૬) સાબરકાંઠા ડીરેક્ટરી

(૨૭) બનાસકાંઠા ડીરેક્ટરી

(૨૮) મહેસાણા ડીરેક્ટરી

(૨૯) પાલનપુર ડીરેક્ટરી

(30) "ભારતનું ગેજેટિયર્સ"

(3૧) Campbell James M. Gazetteer ઓફ થે Bombay, Presidency Volume-I, part-I, Vintage Books-1989

(3૨) Campbell James M. Gazetteer of the Bombay, Presidency Volume-IX Part-I, Hindu Castes and Tribes of Gujarat Compoled by Bhimbhai Kirparam, Vol.I Vintage Books 1988

(33) Sheth K.N.

History of the Parmar's

(3૪) Gujarat Gazetteer's

(3૫) Mahesana district Gazetteers

(3૬) Sabarkantha district Gazetteers

(3૭) Banaskantha district Gazetteers